For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરામાં મેડિકલ સ્ટોર્સમાં ફાંટા, 'બંધ'ના એલાન સામે કેમિસ્ટ એસોસિએશન બે ભાગમાં

વડોદરામાં કેમિસ્ટ & ડ્રગિસ્ટની હડતાળને મિશ્ર પ્રતિસાદ

પ્રમુખ-ટ્રેઝરર વચ્ચે મતભેદ, 99% હોલસેલર્સ બંધના પક્ષમાં, છતાં શહેરમાં ખુલ્લા-બંધ મેડિકલ સ્ટોર્સ

(પ્રતિનિધિ) વડોદરા. તા.20

ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ દ્વારા જાહેર કરાયેલા દેશવ્યાપી બંધના એલાનની અસર વડોદરામાં મિશ્ર સ્વરૂપે જોવા મળી રહી છે. બંધના મુદ્દે વડોદરા કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનની અંદર જ મતભેદો ઉભા થતાં મેડિકલ વ્યવસાય બે ભાગમાં વહેંચાઈ ગયો હોવાનું ચિત્ર સામે આવ્યું છે. શહેરના કેટલાક વિસ્તારોમાં મેડિકલ સ્ટોર્સ બંધ રહ્યા હતા, જ્યારે અનેક વિસ્તારોમાં દુકાનો ખુલ્લી રહેતાં દર્દીઓ અને ગ્રાહકોને રાહત મળી હતી.

દેશભરના કેમિસ્ટોની વિવિધ માંગણીઓને લઈને માતૃ સંસ્થા દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જોકે વડોદરામાં આ બંધને લઈને સ્થાનિક એસોસિએશનમાં બે જુદા જૂથો સક્રિય બનતા આંતરિક વિખવાદ ખુલ્લેઆમ સામે આવ્યો છે. એસોસિએશનના પ્રમુખે બંધમાં ન જોડાવાનો નિર્ણય જાહેર કર્યો હતો, જ્યારે ટ્રેઝરર દ્વારા તમામ રિટેઈલ અને હોલસેલ દવા વેપારીઓને બંધમાં જોડાવા અપીલ કરવામાં આવી હતી.

વડોદરા કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનના ટ્રેઝરર રોમિલ કાનપરાએ જણાવ્યું હતું કે, માતૃ સંસ્થાની માગણીઓ પ્રત્યે એકજૂથતા દર્શાવવી દરેક સભ્યની નૈતિક જવાબદારી છે. ભવિષ્યમાં વેપારીઓને પડતી સમસ્યાઓના નિરાકરણ માટે રાષ્ટ્રીય સ્તરની સંસ્થાનો સહકાર જરૂરી બનશે. તેમણે દાવો કર્યો હતો કે વડોદરાના મોટાભાગના હોલસેલ વેપારીઓ બંધના સમર્થનમાં છે.

બીજી તરફ, એસોસિએશનના પ્રમુખ દ્વારા બંધમાં ન જોડાવાની જાહેરાત બાદ સંગઠનની અંદરની ખેંચતાણ વધુ સ્પષ્ટ બની હતી. આ મુદ્દે પ્રતિક્રિયા આપતાં ટ્રેઝરર રોમિલ કાનપરાએ જણાવ્યું હતું કે, પ્રમુખ મનીષભાઈનો નિર્ણય વ્યક્તિગત હોઈ શકે, પરંતુ તે સંગઠનના મોટા ભાગના સભ્યોના અભિપ્રાય સાથે મેળ ખાતો નથી.

બંધના એલાનને કારણે શહેરમાં મૂંઝવણનું વાતાવરણ સર્જાયું હતું. કેટલાક દર્દીઓને દવાઓ મેળવવા માટે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે ખુલ્લા રહેલા મેડિકલ સ્ટોર્સના કારણે ઘણા લોકોને રાહત પણ મળી હતી.

એસોસિએશનના હોદ્દેદારો વચ્ચે ઊભેલા આ મતભેદોથી વેપારીઓમાં પણ અવઢવની સ્થિતિ સર્જાઈ છે. હવે આગામી દિવસોમાં સંગઠન આ આંતરિક વિવાદને કેવી રીતે ઉકેલે છે તેના પર સૌની નજર ટકેલી છે.

કોઈ હોનારત થશે તો જવાબદાર કોણ ? તંત્ર ઘોર નિદ્રામાં

GMERS હોસ્પિટલના મહિલા વોર્ડમાં ઝૂલતા જીવલેણ પંખા, દર્દીઓમાં ફફડાટ

ગરમીથી બચવા લાખોના એર કુલર લગાવ્યા, પણ પાયાની સુરક્ષા જ ગાયબ



(પ્રતિનિધિ) વડોદરા. તા.19

રાજ્ય સરકાર દ્વારા ગરીબ અને સામાન્ય વર્ગના દર્દીઓને સારી આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, પરંતુ વડોદરાની સરકારી GMERS ગોત્રી હોસ્પિટલમાં વહીવટી બેદરકારીના કારણે દર્દીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. હાલની કાળઝાળ ગરમી વચ્ચે હોસ્પિટલના મહિલા વોર્ડમાં લગાવવામાં આવેલા પંખાઓ અત્યંત જર્જરિત હાલતમાં હોવાથી દર્દીઓ અને તેમના પરિવારજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

હોસ્પિટલ તંત્ર દ્વારા ગરમીથી રાહત આપવા લાખો રૂપિયાના ખર્ચે એર કુલરો લગાવવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવે છે, પરંતુ વોર્ડમાં મૂળભૂત સુવિધાઓની જાળવણી તરફ પૂરતું ધ્યાન અપાતું નથી. મહિલા વોર્ડમાં લગાવાયેલા ઘણા પંખાઓના પાંખિયા વળી ગયા છે, કેટલાકમાંથી ભારે અવાજો આવી રહ્યા છે અને તેની ફિટિંગ પણ નબળી હાલતમાં હોવાનું જોવા મળી રહ્યું છે. દર્દીઓમાં સતત ભય છે કે આ પંખાઓ ગમે ત્યારે નીચે ખાબકી કોઈ મોટી દુર્ઘટના સર્જી શકે છે.

સરકારી હોસ્પિટલોમાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો સારવાર માટે મોટી આશા સાથે આવતા હોય છે. ત્યારે હોસ્પિટલના સત્તાધીશોએ એરકંડિશન્ડ કેબિનોમાંથી બહાર આવી વોર્ડની વાસ્તવિક સ્થિતિનું નિરીક્ષણ કરવાની જરૂર છે. સ્થાનિક નાગરિકો અને દર્દીઓના પરિવારજનોએ તાત્કાલિક ધોરણે જર્જરિત પંખાઓ દૂર કરી નવા અને સુરક્ષિત પંખા લગાવવાની માંગ ઉઠાવી છે. હવે જોવાનું એ રહ્યું કે આ મુદ્દે હોસ્પિટલ તંત્ર જાગૃત બને છે કે પછી કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોવામાં આવશે.

પાલિકાની ખોરાક શાખા માત્ર 'એસી કેબિન' પૂરતી સીમિત?

'ભાવનગરી ગાંઠિયા'ના સમોસામાંથી જીવાત નીકળ્યા

શહેરમાં 24 કલાકમાં 2 જગ્યાએ ખોરાકમાંથી જીવાત નીકળતા ચકચાર

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરમાં નાગરિકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થતા હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી રહી છે. છેલ્લા 24 કલાકમાં જ શહેરના અલગ-અલગ બે વિસ્તારોમાં ખાવાની ચીજવસ્તુઓમાંથી જીવાત નીકળવાની ઘટનાઓ સામે આવતા વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ અને ખોરાક શાખાની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. માત્ર દેખાડા પૂરતી કામગીરી કરી, બે-ચાર નાના વેપારીઓને દંડ ફટકારીને પોતાની એસી કેબિનોમાં વ્યસ્ત રહેતા અધિકારીઓની બેદરકારીને કારણે આજે વડોદરાના પ્રજાજનોનું સ્વાસ્થ્ય જોખમમાં મુકાયું છે. લોકોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સવાલ ઉઠી રહ્યો છે કે શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે?

ઘટનાની વિગત એવી છે કે, ગત મંગળવારે રાત્રિના સમયે વડોદરાના ઐતિહાસિક વાડી વિસ્તારમાંથી ખાવાની વસ્તુમાંથી જીવાત નીકળવાનો કિસ્સો હજી શાંત પડ્યો ન હતો, ત્યાં જ બુધવારે સુભાનપુરા વિસ્તારમાં આવો જ બીજો ચોંકાવનારો બનાવ સામે આવ્યો હતો. સુભાનપુરા સ્થિત 'ભાવનગરી ગાંઠિયા' નામની જાણીતી દુકાનમાંથી એક ગ્રાહકે સમોસા ખરીદ્યા હતા. ગ્રાહક જ્યારે આ સમોસા ખાવા જઈ રહ્યો હતો ત્યારે તેની નજર સમોસાની અંદર રહેલી જીવાત પર પડી હતી. ખાદ્ય પદાર્થમાં જીવાત જોતાં જ ગ્રાહક સ્તબ્ધ થઈ ગયો હતો અને દુકાનદાર સમક્ષ આક્રોશ વ્યક્ત કર્યો હતો.

જોકે, પોતાની ગંભીર બેદરકારી છુપાવવા માટે દુકાનદારે અત્યંત લૂલો બચાવ કર્યો હતો. દુકાનદારે એવું બહાનુ આગળ ધર્યું હતું કે, આ સમોસા તેઓ પોતે બનાવતા નથી પરંતુ બહારથી તૈયાર મંગાવે છે, જેથી સમોસાની અંદર શું હતું તેની તેમને કોઈ જાણ નહોતી. દુકાનદારના આ જવાબથી ગ્રાહકોમાં વધુ નારાજગી ફેલાઈ હતી. સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે જો આ જીવાતવાળા સમોસા અજાણતામાં કોઈ માસૂમ બાળકે ખાઈ લીધા હોત, તો આ ઝેર સમાન ખોરાકથી બાળકના જીવ પર જોખમ આવી શકતું હતું અથવા તેને કોઈ ગંભીર બીમારીનો ભોગ બનવું પડ્યું હોત.

અહીં સૌથી મોટો સવાલ વડોદરા મહાનગરપાલિકાના કમિશનરની કડક સૂચનાઓ પર ઉઠી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, મ્યુનિસિપલ કમિશનર જ્યારે પણ અધિકારીઓ સાથે રિવ્યુ બેઠક યોજે છે, ત્યારે તેઓ સ્પષ્ટ સંદેશ આપે છે કે કામગીરીમાં સહેજ પણ નિષ્ફળતા કે બેદરકારી જણાશે તો જવાબદાર અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવશે. હવે જ્યારે 24 કલાકની અંદર જ બે-બે વિસ્તારોમાંથી અખાદ્ય અને જીવાતવાળો ખોરાક ઝડપાયો છે, ત્યારે આખી ખોરાક શાખા જાણે ઊંઘતી ઝડપાઈ હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

શહેરભરમાં હવે એ ચર્ચા જોર પકડી રહી છે કે શું કમિશનર પોતાના કડક વલણનો પરચો બતાવીને લોકોના આરોગ્ય સાથે રમત રમતા વેપારીઓને છાવરતા ખોરાક શાખાના અધિકારીઓ સામે કોઈ મોટો અને દાખલારૂપ નિર્ણય લેશે? પ્રજાના ટેક્સના પૈસે પગાર ચૂકવીને એસી ઓફિસોમાં બેસી રહેતા તંત્રના આકાઓ સામે કડક પગલાં લેવાવા જ જોઈએ તેવી લોક માંગ ઉઠી છે.

સમયસર કબજો નહીં સોંપનાર બિલ્ડરને વ્યાજ સાથે રિફંડ ચૂકવવું પડશે : ગુજરેરાનો કડક ચુકાદો

બિલ્ડરની મનમાની પર રેરાની લગામ, ગ્રાહકને 40 લાખ 9% વ્યાજ સાથે પરત કરવાનો આદેશ

બિલ્ડરો માટે ચેતવણીરૂપ ચુકાદો

ગુજરેરાના આ નિર્ણયથી સ્પષ્ટ થયું છે કે ગ્રાહકો પાસેથી રૂપિયા લઈને સમયસર કબજો ન આપનાર બિલ્ડરો હવે કરારની શરતોના બહાને ડિપોઝિટ જપ્ત કરી શકશે નહીં. રેરાના આ કડક વલણથી ઘર ખરીદદારોનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.

(પ્રતિનિધિ) વડોદરા તા.20

રિયલ એસ્ટેટ ક્ષેત્રે ગ્રાહકોના હિતોનું રક્ષણ કરતી ગુજરાત રાજ્ય રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરેરા) દ્વારા એક મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. સેવાસી વિસ્તારમાં આવેલા 'પ્રિયા ક્રોસ રોડ્સ' પ્રોજેક્ટના બિલ્ડરે સમયસર ફ્લેટનો કબજો ન આપતા રેરાએ ગ્રાહકના પક્ષમાં નિર્ણય આપ્યો છે. રેરા ઓથોરિટીના સભ્ય ડો. એમ.ડી. મોડિયાની કોરમ સમક્ષ ચાલેલી સુનાવણીમાં પ્રોજેક્ટના પ્રમોટર મેસર્સ શિરીન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ગ્રાહકને 40 લાખની સંપૂર્ણ રકમ વાર્ષિક 9 ટકા વ્યાજ સાથે પરત કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

કેસ મુજબ ફરિયાદી રેશમા કનૈયાલાલ અશનાનીએ સેવાસી ગામના ટી.પી. સ્કીમ નંબર-3 ખાતે આવેલી 'પ્રિયા ક્રોસ રોડ્સ' સ્કીમમાં ફ્લેટ નંબર B-604 40 લાખમાં બુક કરાવ્યો હતો. તા. 27 સપ્ટેમ્બર 2024ના રોજ રજીસ્ટર્ડ વેચાણ કરાર કરવામાં આવ્યો હતો. ફરિયાદીએ 5 લાખ ચેક મારફતે અને બાકીના 35 લાખ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની હાઉસિંગ લોનથી ચૂકવ્યા હતા.

કરાર મુજબ બિલ્ડરે 31 ડિસેમ્બર 2024 સુધીમાં ફ્લેટનો કબજો આપવાનો હતો, પરંતુ બિલ્ડર સમયસર BU પરમિશન મેળવી શક્યા નહોતા. અંતે વડોદરા મહાનગરપાલિકાએ 11 ડિસેમ્બર 2025ના રોજ BU પરમિશન આપ્યું હતું. લાંબા વિલંબ અને બાંધકામની ગુણવત્તાના પ્રશ્નોને કારણે ગ્રાહકે રેરા એક્ટની કલમ 18(1) હેઠળ રિફંડ માટે અરજી કરી હતી.

બિલ્ડર તરફથી દલીલ કરવામાં આવી હતી કે ગ્રાહકે બુકિંગ રદ કરાવતાં 5 લાખ ડિપોઝિટ જપ્ત કરવાનો અધિકાર છે તેમજ GST, મેન્ટેનન્સ અને સ્ટેમ્પ ડ્યુટીના ચાર્જીસ ચૂકવ્યા નથી. જોકે રેરાએ આ દલીલો ફગાવી દીધી હતી અને સ્પષ્ટ કહ્યું હતું કે સમયસર કબજો ન આપવાની ભૂલ બિલ્ડરની હોવાથી કોઈ કપાત કે જપ્તી કરી શકાય નહીં.

આ કેસમાં બેંક લોન જોડાયેલી હોવાથી રેરાએ વિશેષ આદેશ આપ્યો છે કે બિલ્ડરે 45 દિવસમાં 40 લાખ અને તેના પરનું 9 ટકા વ્યાજ સીધું ફરિયાદીના SBI હાઉસિંગ લોન ખાતામાં જમા કરાવવું પડશે. બેંકને પણ સૂચના આપવામાં આવી છે કે લોનની બાકી રકમ સમાયોજિત કર્યા બાદ વધતી રકમ ફરિયાદીને પરત કરવી.

આ સાથે બંને પક્ષો વચ્ચેનો વેચાણ કરાર રદ જાહેર કરવામાં આવ્યો છે. ચુકાદાથી અસંતુષ્ટ પક્ષ આગામી 60 દિવસમાં ગુજરાત રિયલ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યુનલમાં અપીલ કરી શકશે.

ધો.12ના વિદ્યાર્થીઓને 23મીએ માર્કશીટ અને પ્રમાણપત્ર અપાશે

પરિણામ સાથે કારકિર્દી માર્ગદર્શન પુસ્તિકા અને જીકાસ પેમ્ફલેટ પણ ફ્રીમાં મળશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026માં લેવાયેલી ધોરણ-12 સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની માર્કશીટ અને પ્રમાણપત્રોના વિતરણનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને 23મી મેના રોજ શાળામાંથી માર્કશીટ મળી જશે.

બોર્ડના પ્રતિનિધિઓ તમામ જિલ્લાઓના નિયત વિતરણ સ્થળે માર્કશીટ, પ્રમાણપત્રો અને એનરોલમેન્ટ સર્ટિફિકેટ પહોંચાડશે. 22મી મે, ગુરુવારના રોજ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સવારે 10 થી સાંજે 4 વાગ્યા સુધી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને પરિણામ વિતરણ કરાશે. 23મી મે, શુક્રવારે રાજ્યની તમામ સ્કૂલો દ્વારા વિદ્યાર્થીઓને ફરજિયાતપણે માર્કશીટનું વિતરણ કરવામાં આવશે. પરિણામ સાથે જ દરેક વિદ્યાર્થીને કારકિર્દી માર્ગદર્શનની પુસ્તિકા અને જીકાસ દ્વારા આપવામાં આવેલા પેમ્ફલેટના બોક્સ શાળાઓને અપાશે. ધો.12 સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની માર્કશીટ લેવા આવનાર તમામ વિદ્યાર્થીઓને કેરિયર ગાઈડન્સ સાહિત્ય આપવાનું શાળાઓ માટે ફરજિયાત રહેશે, જેથી તેઓ આગળના અભ્યાસ માટે યોગ્ય નિર્ણય લઈ શકે. 4 મેના રોજ પરિણામ જાહેર થયા બાદ 19મા દિવસે વિદ્યાર્થીઓના હાથમાં માર્કશીટ આવી જશે. બોર્ડના પરિપત્ર મુજબ, વિતરણ ન થયેલા ગુણપત્રકો, પ્રમાણપત્રો અને વધારાનું સાહિત્ય 7 દિવસમાં બોર્ડની કચેરી ખાતે મોકલી આપવાનું રહેશે. તમામ શાળાઓએ મળેલા ગુણપત્રકો અને પ્રમાણપત્રોનું સલામત સ્થળે ઉતારવાની વ્યવસ્થા કરવાની રહેશે.

GCASની ઝંઝટથી વિદ્યાર્થીઓ મૂંઝવણમાં

ઈન્ટિગ્રેટેડ લૉ કોલેજોની મંજૂરી બાકી હોવાથી ચોઈસ આપી શકાતી નથી

28મીએ રજિસ્ટ્રેશનની મુદત પૂરી થાય છે, પ્રાઇવેટ યુનિવર્સિટીઓને ફાયદો, વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

ગુજરાત કોમન એડમિશન સર્વિસ દ્વારા ચાલી રહેલી પ્રવેશ પ્રક્રિયામાં ઈન્ટિગ્રેટેડ લૉ સહિતના કોર્સમાં વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા છે. અનેક કોલેજોની મંજૂરી બાકી હોવાથી વિદ્યાર્થીઓ પસંદગીની કોલેજની ચોઈસ આપી શકતા નથી. જ્યારે 28મી મે એ રજિસ્ટ્રેશનની મુદત પૂરી થઈ રહી છે.

ગુજરાત યુનિવર્સિટી સહિત 37 યુનિવર્સિટી, 500 કોર્સ અને 2789 કોલેજોમાં પ્રવેશ માટે જીકાસથી કાર્યવાહી ચાલુ છે. પરંતુ ઘણી ઈન્ટિગ્રેટેડ લૉ કોલેજોને હજુ મંજૂરી મળી નથી, તેથી વિદ્યાર્થીઓ ઈચ્છે તો પણ તે કોલેજની ચોઈસ આપી શકતા નથી. આગામી 28મીએ રજિસ્ટ્રેશનની મુદત પૂરી થાય છે ત્યારે, મંજૂરી ન મળવાના કારણે વિદ્યાર્થીઓ મૂંઝવણમાં છે. મુદત લંબાવવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. જિકાસમાં જવામાં જે રજિસ્ટ્રેશન કરાવ્યા વગર પ્રાઈવેટ કોલેજોમાં ઓન ધ સ્પોટ પ્રવેશ મળતો હોવાથી વિદ્યાર્થીઓ ત્યાં જતા રહે છે. મોટાભાગના વિદ્યાર્થીઓ જીકાસની ઝંઝટમાં પડવા માગતા નથી. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી અંદાજે 63 હજારથી વધુ બેઠકો માટે માહિતી એકત્ર કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગત વર્ષે પણ જીજાસના કારણે યુનિવર્સિટીની અનેક બેઠકો ખાલી પડી હતી. ચાલુ વર્ષે પણ હજુ સુધી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલુ રહેતાં બેઠકો ખાલી પડે તેવી શક્યતા છે. કોમર્સ (ઓનર્સ) માં 29,586, આર્ટસ (ઓનર્સ)માં 17,147, સાયન્સ (ઓનર્સ)માં 8,768, બીબીએમાં 2,148, બીસીએમાં 2,652, ઈન્ટિગ્રેટેડ લૉમાં 390 અને ઈન્ટિગ્રેટેડ કોર્સમાં 3,617 બેઠકો ઉપલબ્ધ છે. અન્ય યુનિવર્સિટી સાથે જોડાયેલી ઈન્ટિગ્રેટેડ લૉ કોલેજોમાં પણ મંજૂરીની મુદ્દતી નહીં રહી હોવાથી સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોને નજીવુ સંખ્યાત્મક મંજૂરી આપવામાં આવી છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવવાના બદલે પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં ચાલતા પ્રવેશના કોર્સમાં પ્રવેશ લઈ લેવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

વડોદરામાં કાળઝાળ ગરમી વચ્ચે પાણીનો વેડફાટ

ગાજરાવાડી પાણીની ટાંકી પાસે લાઇનમાં ભયંકર લીકેજ, હજારો લિટર પાણી વહી ગયું

એક તરફ જનતા દૂષિત અને ઓછા પ્રેશરથી મળતા પાણીથી પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરામાં એક તરફ 43 થી 44 ડિગ્રી સુધીનો તાપમાનનો પારો લોકો પર ગરમીનો માર વરસાવી રહ્યો છે, ત્યારે બીજી તરફ વડોદરા મહાનગરપાલિકાની બે દરકારી ફરી સામે આવી છે. ગાજરાવાડી વિસ્તારમાં આવેલી પાણીની ટાંકી નજીક મુખ્ય પાઈપલાઈનમાં મોટું લીકેજ થતાં હજારો લિટર ચોખ્ખું પાણી રસ્તા પર વહી ગયું હતું. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે, કારણ કે આ જ વિસ્તારના લોકો છેલ્લા ઘણા દિવસોથી પૂરતા અને શુદ્ધ પીવાના પાણી માટે પરેશાન થઈ રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા 15 દિવસથી શહેરના અનેક વિસ્તારોમાં પાણીનું પ્રેશર ઘટી ગયું છે. જ્યાં પહેલાં એક કલાક પાણી મળતું હતું ત્યાં હવે અડધો કલાક પણ પાણી મળતું નથી અને તે પણ ગંદુ તથા દૂષિત હોવાનું લોકોનો આક્ષેપ છે. જેના કારણે રોગચાળો ફેલાવાની ભીતિ પણ ઊભી થઈ છે. આવી સ્થિતિમાં પાણીની ટાંકી નજીક જ પાણીનો વેડફાટ થવાથી લોકોમાં તંત્ર પ્રત્યે નારાજગી વધી છે.

ઘટનાની જાણ થતાં જ વોર્ડ નંબર 14 ના વિપક્ષના નગરસેવકો સ્થળ પર પહોંચ્યા હતા અને પાલિકા તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની બેદરકારીના કારણે આવી પરિસ્થિતિ સર્જાઈ છે. જૂની મશીનરી અને યોગ્ય મેઈન્ટેનન્સના અભાવે પાણીની સમસ્યા વધુ વિકરાળ બની રહી છે. નગરસેવકોએ વધુમાં જણાવ્યું હતું કે ટાંકી અને સમની સફાઈ માટે જવાબદાર કોન્ટ્રાક્ટરે લાંબા સમયથી યોગ્ય કામગીરી કરી નથી. તેમણે જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરી કોન્ટ્રાક્ટ રદ કરવાની માંગ ઉઠાવી છે.

"એક ખાલી દારૂની બોટલ લાવશો તો રૂ.100 મળશે" તેવી પોસ્ટ કરી હતી

કોર્પોરેટર આશિષ જોશી બાદ કોંગ્રેસના નેતા સ્વેજલ વ્યાસ સામે પણ ગુનો નોંધ્યો

ગોરવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરમાં કોંગ્રેસના નેતા સ્વેજલ વ્યાસ દ્વારા સોશિયલ મીડિયામાં "એક ખાલી દારૂની બોટલ લાવશો તો રૂ.100 મળશે" તેવી જાહેરાત કરવામાં આવતા રાજકીય ગરમાવો સર્જાયો છે. ગોરવા પોલીસે આ મામલે સોશિયલ મીડિયા પોસ્ટના આધારે સ્વેજલ વ્યાસ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ગોરવા પોલીસ સ્ટેશનના અનાર્મ હેડ કોન્સ્ટેબલ જયદીપ યશવંતરાય દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, પોલીસ સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન સોશિયલ મીડિયાનું નિરીક્ષણ કરી રહ્યો હતો. તે દરમિયાન "સ્વેજલ વ્યાસ" નામના ફેસબુક આઈડી પરથી એક પોસ્ટર વાયરલ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું.

વાયરલ પોસ્ટરમાં વડોદરાના તમામ બુટલેગર અને નાગરિકોને ખુલ્લું આમંત્રણ આપવામાં આવ્યું હતું કે, "એક ખાલી દારૂની બોટલ લાવશો તો રૂ.100 આપવામાં આવશે." સાથે જ "શહેરમાં ખોટા દારૂના કેસ ઉભા થાય છે, ત્યાં હવે દારૂની ખાલી બોટલ પણ સત્ય બોલશે" જેવા લખાણ સાથે લોકોને તા. 19 મેના રોજ સાંજે 5થી 6 વાગ્યા દરમિયાન ઝાંસીની રાણી સર્કલ ખાતે ખાલી દારૂની બોટલ સાથે એકત્ર થવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે વડોદરા શહેર પોલીસ દ્વારા કોઈપણ વ્યક્તિ વિરુદ્ધ ખોટા પ્રોહિબિશન કેસ નોંધાયા હોવાની કોઈ આધારભૂત હકીકત ઉપલબ્ધ નથી. તેમ છતાં સ્વેજલ વ્યાસ દ્વારા સોશિયલ મીડિયામાં પાયાવિહોણા અને તથ્યવિહિન આક્ષેપો પ્રસારિત કરવામાં આવ્યા હોવાનું પોલીસે ફરિયાદમાં જણાવ્યું છે.

પોલીસના જણાવ્યા મુજબ, આ પ્રકારના કાર્યક્રમ માટે કોઈ સત્તાવાર પરવાનગી લેવામાં આવી નહોતી. ઉપરાંત લોકોને ભેગા કરવા માટે બોટલ બદલ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવતા ટ્રાફિકના પીક અવર્સ દરમિયાન શહેરના વ્યસ્ત ઝાંસીની રાણી સર્કલ ખાતે મોટી સંખ્યામાં લોકો ભેગા થવાની શક્યતા હતી. જેના કારણે ટ્રાફિક વ્યવસ્થામાં અડચણ ઉભી થવા સાથે સ્થાનિકોમાં ભયનું વાતાવરણ ફેલાઈ શકે તેમ હતું.

મોડીરાત્રે બે કાર વચ્ચે અકસ્માત એરબેગ ખુલતા ચાલકનો બચાવ

ન્યાય મંદિર તરફથી પૂરપાટ ઝડપે આવતી કારે અર્ટિગાને ધડાકાભેર મારી ટક્કર

(પ્રતિનિધિ) વડોદરા. તા.20

વડોદરામાં મોડી રાત્રે રફતારના કહેરે વધુ એક અકસ્માત સર્જ્યો છે. શહેરના વ્યસ્ત ગણાતા માર્કેટ ચાર રસ્તા પાસે ગત મોડી રાત્રે બે ફોર વ્હીલર ગાડીઓ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. પૂરપાટ ઝડપે આવતી એક કારે અન્ય કારને એવી જોરદાર ટક્કર મારી હતી કે અકસ્માતનો અવાજ દૂર સુધી સંભળાયો હતો. સદનસીબે કારની એરબેગ ખુલી જતાં એક મોટો જીવલેણ અકસ્માત ટળ્યો હતો.

મળતી માહિતી અનુસાર, એક અર્ટિગા કારના ચાલક મોડી રાત્રે રાવપુરા સ્થિત મેડિકલ સ્ટોર પરથી દવા ખરીદીને પોતાના વતન સંખેડા તરફ જવા નીકળ્યા હતા. તેઓ જ્યારે માર્કેટ ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે જ ન્યાય મંદિર તરફથી અત્યંત પૂરપાટ ઝડપે અને બેફામ રીતે ધસી આવતી GJ-06-PB-2199 નંબરની કારના ચાલકે અર્ટિગા કારને જોરદાર ધડાકાભેર ટક્કર મારી દીધી હતી.

આ ટક્કર એટલી પ્રચંડ અને ગંભીર હતી કે અર્ટિગા ગાડીના આગળના ભાગનો કુરચો બોલી ગયો હતો. જોકે, સદનસીબે અકસ્માત થતાં જ ગાડીની બંને એરબેગ્સ સમયસર ખુલી ગઈ હતી, જેના કારણે કાર ચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો. અર્ટિગામાં સવાર વ્યક્તિને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી, પરંતુ કોઈ જાનહાનિ ન થતાં તંત્ર અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ અંગે પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

MS યુનિવર્સિટીનું સર્ક્યુલર જાહેર

GCAS રજિસ્ટ્રેશન અને એન્ટ્રન્સ ફી ફરજિયાત, નહીં તો Not Eligible

પ્રવેશ પરીક્ષા આપી હોય તો પણ GCAS પર ચોઈસ ફિલિંગ વગર પ્રવેશ નહીં મળે



(પ્રતિનિધિ) વડોદરા,તા.20

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-2027 માટેના વિવિધ પ્રોગ્રામમાં પ્રવેશ અંગે મહત્વપૂર્ણ સર્ક્યુલર બહાર પાડવામાં આવ્યું છે. એન્ટ્રન્સ ટેસ્ટ આધારિત પ્રોગ્રામમાં પ્રવેશ માટે GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન અને યુનિવર્સિટી પોર્ટલ પર ફી ભરવી ફરજિયાત છે.

જે પ્રોગ્રામમાં એન્ટ્રન્સ ટેસ્ટ છે, તેમાં વિદ્યાર્થીએ જીકાસ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરવાનું રહેશે અને યુનિવર્સિટી પોર્ટલ પર એન્ટ્રન્સ ટેસ્ટ ફી પણ ભરવી પડશે. માત્ર જીકાસ પર રજિસ્ટ્રેશન કરવાથી ચાલશે નહીં. જો વિદ્યાર્થીએ જીકાસ પર પ્રોગ્રામની ચોઈસ ફિલ ન કરી હોય તો તે Not Eligible ગણાશે. જીકાસ પર રજિસ્ટ્રેશન અને ચોઈસ ફિલિંગ કર્યું હોય પરંતુ યુનિવર્સિટી પોર્ટલ પર એન્ટ્રન્સ ફી ન ભરી હોય તો પણ વિદ્યાર્થી Not Eligible ગણાશે. એન્ટ્રન્સ ટેસ્ટ આપ્યા બાદ જીકાસ પોર્ટલ પર રજિસ્ટ્રેશન અને ચોઈસ ફિલ કરનાર વિદ્યાર્થીને પણ Not Eligible ગણવામાં આવશે. આવી અરજીઓ માન્ય ગણાશે નહીં. એન્ટ્રન્સ ફી ભરીને પરીક્ષા આપી હોય પરંતુ જીકાસ પર રજિસ્ટ્રેશન અને ચોઈસ ફિલિંગ ન કર્યું હોય તો પણ પ્રવેશ મળશે નહીં. વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન અને અરજીની તક આપવા માટે GCAS પોર્ટલ છેલ્લી તારીખ સુધી ખુલ્લું રાખવામાં આવશે. પ્રવેશ પ્રક્રિયામાં મુશ્કેલી ન પડે તે માટે GCAS રજિસ્ટ્રેશન, ચોઈસ ફિલિંગ અને યુનિવર્સિટી પોર્ટલ પર એન્ટ્રન્સ ફી આ ત્રણેય પ્રક્રિયા સમયસર પૂર્ણ કરવા યુનિવર્સિટીએ તાકીદ કરી છે.